# ભારતીય વાયુ સેના અધિકારી

ભારતીય વાયુ સેનાના અધિકારી રાષ્ટ્રને તમામ હવાઈ જોખમો સામે સુરક્ષા પ્રદાન કરે છે અને ભારતીય સશસ્ત્ર દળોની અન્ય બે ભૂજાઓ (ભારતીય નૌકાદળ અને ભારતીય સૈન્ય) સાથે ગાઢ સંપર્કમાં રહીને ભારતીય ક્ષેત્રને તમામ જોખમોથી સુરક્ષિત કરે છે. ભારતીય વાયુસેનાના અધિકારી કુદરતી આપત્તિના સમયે માનવતાવાદી શોધ અને બચાવ કામગીરી પણ નિભાવે છે.

## વ્યક્તિગત નિપુણતા

- લોકોને મદદ કરવી તમને ગમે છે
- તમને બહાર કામ કરવાનું ગમે છે
- તમે દેશની સેવા કરવા અને શૌર્ય પ્રદર્શિત કરવા માટે ઉત્સુક છો
- સ્પષ્ટ સૂચનાઓને અનુસરવાનું તમને પસંદ છે

ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૬,૦૦૦ થી ૧૦,૪૬,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in**ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in**ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે.)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો. વિજ્ઞાન પ્રવાહ (ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને ગણિત)ને પ્રાધાન્ય આપો.

૨. ત્યારબાદ, તમારે લેખિત પરીક્ષા અને પછી ઈન્ટરવ્યૂમાંથી પસાર થવું પડશે. તમામ ઉમેદવારોએ શારીરિક અને તબીબી પરીક્ષણો પાસ કરવા પડશે .

**અથવા**

વિજ્ઞાન પ્રવાહમાં કોઈ પણ વિષય સાથે સ્નાતકની ડિગ્રી પૂર્ણ કરી અને સંયુક્ત સંરક્ષણ સેવા પરીક્ષા અને ઈન્ટરવ્યુમાંથી પસાર થવું પડશે. તમામ ઉમેદવારોએ શારીરિક અને તબીબી પરીક્ષણો પાસ કરવા પડશે .

**અથવા**

ટેકનિકલ પ્રવેશ માટે, JEE એડવાન્સ્ડ, JEE મેઈન, MET, VITE EE, MHT CET, SRM JEE, COM EDK., UGET, KCET વગેરે જેવી પ્રવેશ પરીક્ષાઓ પાસ કર્યા પછી એન્જિનિયરિંગમાં બેચલર ડિગ્રી (B.Tech/BE) પૂર્ણ કરો. ભારતીય સશસ્ત્ર દળોમાં પ્રવેશ માટે, તમારે વિવિધ લેખિત પરીક્ષાઓ, એક એસ.એસ.બી. ઈન્ટરવ્યુ અને વિવિધ તબીબી પરીક્ષાઓ પાસ કરવી આવશ્યક છે, જેના પછી તમે ઓફિસર્સ ટ્રેનિંગ એકેડેમીમાં જોડાઈ શકો છો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

*અહી આપલે આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

ભારતીય વાયુ સેના ઓફિસરનું માસિક વેતન **રૂ. ૫૬,૧૦૦ થી ૧,૧૦,૦૦૦*** જેટલું હોય છે.

સ્ત્રોત: https://afcat.cdac.in/AFCAT/pay Allowances.html

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** તમે ભારતીય વાયુસેનામાં પાંચ ઓપરેશનલ અને બે ફંક્શનલ કમાન્ડમાંથી કોઈપણમાં નોકરી મેળવી શકો છો. એક પ્રવેશ સ્તરના અધિકારી, એક વિભાગની અંદર આવેલી ૩ શાખાઓ એટલે કે, ફલાઈંગ બ્રાન્ચ, ટેકનિકલ બ્રાન્ચ અને ગ્રાઉન્ડ બ્રાન્ચ પૈકી કોઈપણ શાખામાં કામ કરશે તેવી અપેક્ષા રાખવામાં આવે છે.

**કાર્યસ્થળનું વાતાવરણ:** સામાન્ય રીતે અઠવાડિયામાં ૬ થી ૭ દિવસ, પ્રતિ દિવસ ૮ થી ૯ કલાક ફરજ બજાવવાની હોય છે. શિફ્ટ સિસ્ટમ અમલમાં છે. તમારી પાસેથી પડકારજનક પરિસ્થિતિઓનો સામનો કરવાની અપેક્ષા છે. મોટા ભાગનું કામ બહારનું છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

ફલાઈંગ ઓફિસર → ફલાઈટ લેફટનન્ટ → સ્ક્વોડ્રન લીડર → વિંગ લીડર → ગ્રુપ કેપ્ટન → એર કોમોડોર → એર વાઈસ માર્શલ → એર માર્શલ

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

કોમ્બેટ પાયલટ, ઈન્ડિયન એર ઓફિસર, ઈન્ડિયન એર ફોર્સ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સંરક્ષણ સંસ્થાઓ**

૧. નેશનલ ડિફેન્સ એકેડમી (NDA), પુણે - એરફોર્સ કેડેટ્સને નેશનલ ડિફેન્સ એકેડમીમાં સંરક્ષણ તાલીમ લેવી પડે છે.

૨. IAF એકેડેમી, તેલંગાણા - હૈદરાબાદના ડુંડીગલમાં આવેલી આઈ.એ.એફ. એકેડેમી એ વાયુસેના કેડેટ્સ તેમજ ભારતીય નૌકાદળ અને ભારતીય તટ રક્ષકની હવાઈ પાંખના સભ્યોને તાલીમ આપવા માટેની મુખ્ય એકેડમી છે.

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ



## સાફલ્ય ગાથા

**ગુંજન સકસેના** - દેશના સૌથી પ્રસિદ્ધ ફલાઈંગ ઓફિસરોમાંના એક છે. તેણી દેશની સૌથી લોકપ્રિય મહિલા આઈ.એ.એફ. ઓફિસર્સ પૈકીની એક છે. તેણીએ દિલ્હી યુનિવર્સિટીની હંસરાજ કોલેજમાંથી સ્નાતકની પદવી પ્રાપ્ત કર્યા પછી સશસ્ત્ર દળોમાં જોડાવાનું નક્કી કર્યું. તેણી ૧૯૯૯ના કારગિલ યુદ્ધના એક અનુભવી સૈનિક હોવાની સાથે સાથે યુદ્ધ ક્ષેત્રમાં ઉડાન ભરનારી પ્રથમ મહિલા પણ છે.*

સ્ત્રોત: indiatimes.com/news/india/the-untold-story-of-the-first-women-warriors-of-kargil-gunjan-saxena-and-srividya-rajan-258983.html

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.